પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 14/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : SATURDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **રાજ્યના પ્રવાસે આવેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઇકાલે ગાંધીનગર પહોંચ્યા - લોકભવનમાં રાત્રિરોકાણ કર્યું.**
2. **ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં આજે પ્રતિમા સ્વચ્છતા અભિયાન સહિતના કાર્યક્રમ યોજાશે.**
3. **કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે કચ્છમાં પરિવહન જોડાણ પર ભાર આપ્યો.**
4. **મહીસાગરના લુણાવાડામાં 120 શ્રદ્ધાળુ સાથે પાંચ લાખ રૂપિયાની છેતરપિંડી કરનાર ચાર શખ્સ સામે ફરિયાદ.**
5. **પુરુષોની ક્રિકેટમાં, અંડર-19 એશિયા કપની ફાઇનલમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે ખિતાબી મુકાબલો.**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

PM GUJARAT

રાજ્યના બે દિવસના પ્રવાસે આવેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઇકાલે ગાંધીનગર પહોંચ્યા. લોકભવનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તેમનું સ્વાગત કર્યું. શ્રી દેવવ્રતે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રીના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ, ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે, જેણે પ્રાકૃતિક ખેતી, ઔદ્યોગિક પ્રગતિ અને જન કલ્યાણના ક્ષેત્રોમાં નવા રેકોર્ડ બનાવ્યા છે.

પ્રધાનમંત્રી આજે શક્તિપીઠ અંબાજીની મુલાકાત લેવાના હતા, જોકે લાખો ભક્તોની સુવિધાને ધ્યાનમાં રાખીને તેમણે પોતાનો અંબાજી પ્રવાસ રદ કર્યો હતો. આ અંગે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ વધુ માહિતી આપી.

BYTE: SHANKAR CHAUDHARY, SPEAKER OF THE LEGISLATIVE ASSEMBLY

JANJATIYA GAURAV DIVAS TODAY PROG

ધરતીઆબા ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે સરકાર દ્વારા રાજ્યભરમાં જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત આગામી 18 તારીખ સુધી વિવિધ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

સાંભળીએ એક અહેવાલ..

VOICE CAST: YASHVI MEHTA

*(રાજ્યભરમાં આજે સવારે પ્રતિમા સ્વચ્છતા અભિયાન, પૂજા અને સાધુ-સંતોનું સન્માન કરાશે. 55 વિધાનસભા ક્ષેત્રમાં આજે ભગવાન બિરસા મુંડાજી તેમજ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રતિમાઓ અને આસપાસની જગ્યાની સફાઈ, પુષ્પાંજલિ, પૂજા અથવા પ્રાર્થના તથા સાધુસંતોના ઘરે જઈ હાર અને શાલ દ્વારા તેમનું સન્માન કરાશે. જ્યારે સાંજે તમામ આદિજાતિ તાલુકાઓની ગ્રામ પંચાયતોમાં ભગવાન બિરસા મુંડાજીની આરતી, દીપ પ્રાગટ્ય, જીવન ઇતિહાસનું વાચન, ભજન તથા સોશિયલ મીડિયા પર જીવંત પ્રસારણ કરાશે. આ ઉપરાંત તમામ આદિજાતિ તાલુકાઓની ગ્રામ પંચાયતોમાં ઘરેઘરે દીપ પ્રાગટ્ય તથા આદર્શ નિવાસી શાળા, આશ્રમશાળા, **E.M.R.S., G.L.R.S.** છાત્રાલય અને અન્ય સંસ્થાઓમાં સાંજે છ વાગ્યે દીપોત્સવ યોજાશે. યશવી મહેતા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ)*

KUTCH GIRIRAJ SINH

કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ કચ્છ જિલ્લાના ગાંધીધામમાં ઉત્તર ભારતીય કચ્છ સેવા સમાજ દ્વારા આયોજિત સંવાદ સભા અને સન્માન સમારોહમાં ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમમાં ગાંધીધામના ધારાસભ્ય માલતી મહેશ્વરી, મેયર દિવ્યાબેન નાથાણી અને અન્ય મહાનુભાવોએ પણ હાજરી આપી હતી.

આ કાર્યક્રમમાં સામાજિક એકતા સમુદાયના મુદ્દાઓ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને ચર્ચા કરવામાં આવી હતી. દરમિયાન શ્રી સિંહે કચ્છમાં પરિવહન જોડાણ પર ભાર આપ્યો.

BYTE: GIRIRAJ SINGH, UNION MINISTER

BHAVNAGAR ACCIDENT

ભાવનગર જિલ્લાના સિહોરમાં બસ અને બાઇક વચ્ચે અકસ્માત થતાં યુવકનું મોત થયું છે. યુવક તેમજ તેના સંબંધી બંને મોટરસાયકલ લઈને ગુંદાળા વિસ્તાર પાસે આવેલ પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવવા જતાં હતા તે દરમિયાન ત્યાંથી પસાર થતી એસ.ટી. બસ સાથે અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવકનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું, જ્યારે તેમની સાથે રહેલ અન્ય યુવકનો બચાવ થયો હતો.

આ ઘટનાને પગલે પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહને સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. આ બનાવ અંગે પોલીસ આગળની તપાસ હાથ ધરી છે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

MAHISAGAR FRAUD

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે હરિદ્વારમાં ભાગવત કથાનું આયોજન કરવાના બહાને 120 શ્રદ્ધાળુઓ સાથે પાંચ લાખ રૂપિયાની છેતરપિંડી કરનાર ચાર શખ્સ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીઓએ પત્રિકા છપાવી હરિદ્વાર કથા અને એ.સી. રૂમ અને બસ મુસાફરીની લાલચ આપી વ્યક્તિ દીઠ ચાર હજાર 200 રૂપિયા લેખે ફી નક્કી કરી હતી. આરોપીઓએ લુણાવાડામાં ઓફિસ ખોલી ફરિયાદી સહિત 120 લોકો પાસેથી કુલ પાંચ લાખ ચાર હજાર રૂપિયા ઉઘરાવ્યા હતા.

જોકે, યાત્રા ઉપડવાના આગલા દિવસે આરોપીઓએ ઓફિસ બંધ કરી ફોન સ્વીચ ઓફ કરી દીધા હતા. આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું નાયબ પોલીસ અધિક્ષક કમલેશ વસાવાએ જણાવ્યું.

BYTE: KAMLESH VASAVA, DySP MAHISAGAR

PM EXCELLENCE AWARD

જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી પુરસ્કારો 2026 માટે નોંધણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગે આ હેતુ માટે એક વેબ પોર્ટલ શરૂ કર્યું છે. કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય અનુસાર, આ વર્ષે ત્રણ શ્રેણીઓમાં કુલ 16 પુરસ્કારો આપવામાં આવશે. જેમાં 12 પ્રાથમિકતાવાળા ક્ષેત્રોમાં જિલ્લાઓનો સર્વાંગી વિકાસ, મહત્વાકાંક્ષી બ્લોક કાર્યક્રમ અને કેન્દ્ર સરકારના મંત્રાલયો, રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને જિલ્લાઓ દ્વારા હાથ ધરવામાં આવેલા નવીનતાઓ સામેલ છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ વર્ષે એકંદર જિલ્લા વિકાસના મૂલ્યાંકનમાં નવ નવી યોજનાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. 1 એપ્રિલ, 2024 અને 30 નવેમ્બર, 2026 વચ્ચે હાથ ધરવામાં આવેલા કાર્યને આ પુરસ્કારો માટે ધ્યાનમાં લેવામાં આવશે.

WEATHER

ઉત્તર ભારત તરફથી આવી રહેલા ઠંડા પવનોને પગલે રાજ્યમાં ઠંડીમાં વધારો નોંધાયો છે. રાજ્યના નવ જેટલા શહેરોમાં લઘુત્તમ તાપમાન 20 ડિગ્રી સેલ્સિયસથી ઓછું નોંધાયું હતું. વડોદરામાં સૌથી ઓછું 16.5 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું, જ્યારે અમદાવાદમાં તાપમાનનો પારો 18.3 ડિગ્રી સેલ્સિયસે અટક્યો હતો.

આગામી ત્રણ દિવસ અમદાવાદમાં લઘુત્તમ તાપમાન 17 થી 19 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની શક્યતા છે.

BIRSA MUNDA JANM JAYANTI

ભગવાન બિરસા મુંડાની 151મી જન્મ જયંતી નિમિત્તે અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે જનજાતિય ગૌરવ સપ્તાહની ઉજવણી અંતર્ગત યુવા સંવાદ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે ઉપસ્થિત પ્રદેશ ભાજપના મહામંત્રી પ્રશાંત કોરાટે જનજાતિય કલ્યાણ યોજનાઓ અને યુવાઓ માટેની વિવિધ સરકારી યોજના અંગે માહિતી આપી.

BYTE: PRASHANT KORAT, GENERAL SECRETARY, STATE BJP

તાપી જિલ્લાના સોનગઢ ખાતે યોજાયેલા યુવા સંમેલનમાં પણ નાગરિકો સહિત મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત અધ્યક્ષ અને યુવા નેતા સૂરજ વસાવાએ જણાવ્યું કે, આદિવાસી સમાજના ઉત્થાન માટે અનેક યોજનાઓ અમલમાં છે. તેમણે યુવાનોને જણાવ્યું કે, મજબૂત સમાજના નિર્માણ માટે શિક્ષણ અનિવાર્ય છે.

LABH PANCHAM

આજે કારતક સુદ પાંચમ એટલે કે લાભ પાંચમ ઉજવાઈ રહી છે. રાજ્યમાં દિવાળી અને નવા વર્ષની રજાઓ પછી વેપારીઓ આ પવિત્ર દિવસે પોતાના ધંધા-વ્યવસાય અને નવા હિસાબી ચોપડાની પૂજા કરીને ફરીથી કામકાજની શુભ શરૂઆત કરશે.

શાસ્ત્રો અનુસાર, દિવાળીના પાંચ દિવસના ઉત્સવ પછી કારતક સુદ પાંચમના દિવસે દેવોની આરાધના અને વ્યાપારિક સમૃદ્ધિની શરૂઆત કરવા માટે આ દિવસ અત્યંત શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે. આ દિવસે કરવામાં આવેલું કામ અને વેપાર લાંબા સમય સુધી લાભ અને સફળતા અપાવે છે.

CRICKET-U-19 ASIA CUP

પુરુષોની ક્રિકેટમાં, અંડર-19 એશિયા કપની ફાઇનલમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે ખિતાબી મુકાબલો રમાશે. ઓમાનના મસ્કત ખાતે રમાનાર આ મેચ ભારતીય સમય મુજબ સવારે સાડા 10 વાગ્યે શરૂ થશે.

ભારતીય ટીમ પાકિસ્તાન સામેની ગ્રુપ-સ્ટેજ હારનો બદલો લેવા અને અગાઉના ત્રણ આવૃત્તિઓમાં ટ્રોફી ગુમાવ્યા બાદ ખિતાબ પાછો મેળવવાનો પ્રયાસ કરશે. ભારત નવમો અંડર-19 એશિયા કપ ખિતાબ જીતવાનું લક્ષ્ય રાખશે, જ્યારે ડિફેન્ડિંગ ચેમ્પિયન પાકિસ્તાન ત્રીજી વખત ટ્રોફી જીતવાનો પ્રયાસ કરશે.